અપીલ અરજી નં.૨૦૩ તા.૪–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૫–૯–૦૮ અરજીથી સિધ્ધિ વિનાયક એપાર્ટમેન્ટના બાંધકામ દુર કરવા બાબતની પ્રમાણિત નકલ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૩/૨૦૦૮–૦૯

શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૫–૯–૦૮ અરજીથી સિધ્ધિ વિનાયક એપાર્ટમેન્ટના બાંધકામ દુર કરવા બાબતની પ્રમાણિત નકલ આપવા બાબતે કોઈ પ્રત્યુત્તર ન મળવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૮ તા.૧૫–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૦૯ તા.૧૦–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર અરજદારની મુળ અરજી તા.૫–૯–૦૮ ની બાબતે કોઈ પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયો હોય તેવું જણાતું નથી કે માહિતીનો ઈન્કાર અરજદારને કરેલ જણાતો નથી.

અરજદારે મુળ અરજીમાં નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૦૯ તા.૭–૮–૦૮ ની જણાવ્યા મુજબની પૂરી પાડલી માહિતીની પ્રમાણિત નકલની માંગણી કરેલ છે. અપીલ અરજીમાં માહિતીની અપીલ અરજીમાં નમુના 'ઘ' માં માહિતી પૂરી પાડવામાં આવી નથી અને વિના મૂલ્યે માહિતીની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નમુના 'ઘ' માં માહિતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ અરજદારે તેની પ્રમાણિત નકલની માંગણી કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૫–૯–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે જે ઉપલબ્ધ રેકર્ડ આધારે આ માહિતી આપેલ છે તેની પ્રમાણિત નકલની માંગણી કરેલ હોઈ તેમજ વિના મૂલ્યે માંગણી કરેલ છે જેથી અરજદારને સદર કાગળ ોની પ્રમાણિત નકલ આરટીઆઈ કાયદાની કલમ –૭ (૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવેલ છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧–૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વશરામ રામજીભાઈ પટેલ,